# રાજ્યપાલના સંબોધન માટે આભાર પ્રસ્તાવ પર ચર્ચા

**શ્રી કિરીટકુમાર કે. પટેલ, માન.ધારાસભ્ય ૨૧–ઊંઝા**

માન.અધ્યક્ષશ્રી,

મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કરવા બદલ સભ્યશ્રી નરેશભાઈ પટેલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને સભ્યશ્રી કેશાજી ચૌહાણે પ્રસ્તાવને ટેકો આપ્યો છે તે પ્રસ્તાવને હું સમર્થન આપું છું અને ગત વર્ષ દરિમયાન રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે સરકારની કામગીરી વિશે મારા વિચારો રજૂ કરું છું.

માન.અધ્યક્ષશ્રી,

આપણા દેશના લોકપ્રિય અને ગૌરવશાળી વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં ચાલતી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા ૪૦ વર્ષ બાદ દેશમાં અંગ્રેજોના વખતથી ફક્ત કારકુન નિર્માણના ઉદ્દેશથી ચાલતી શિક્ષણ નીતિની વિસ્તૃત સમિક્ષા કરી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતી ૨૦૨૦ની જાહેરાત કરી જે સમગ્ર દેશના શિક્ષણવિદો, ચિંતકો, બૌધિકો, શિક્ષણ જગત સાથે સંકળાયેલા સર્વ લોકો અને આમજનતા દ્વારા અભૂતપૂર્વ આવકાર મળ્યો અને સમગ્ર દેશવાસીઓને ભારતના ઝડપી વિકાસની આશા બંધાઈ છે અને આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો ગુજરાત રાજ્યમાં જૂન ૨૦૨૩થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી અમલ કરવામાં આવ્યો છે.

માન.અધ્યક્ષશ્રી,

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩−૨૪ થી રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકાનો ફરજિયાત સાર્વત્રિક અમલ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ૫ વર્ષથી વધુ અને ૬ વર્ષથી નાના બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો છે. દેશભરમાં ગુજરાત રાજ્ય બાલવાટિકા શરૂ કરના સૌ પ્રથમ રાજય બન્યું છે. જે આપણા સૌ માટે આનંદ અને ગર્વની વાત છે. જે અંતર્ગત રાજ્યમાં વર્ષ દરમિયાન ૫ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓએ બાલવાટિકામાં પ્રવેશ મેળવ્યો છે.

માન.અધ્યક્ષશ્રી,

સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોના ઉચ્ચ અભ્યાસ કરેલ લાયક શિક્ષકો મળી રહે તે માટે વિદ્યાસહાયકોની નિમણૂક અંગેની લાયકાતમાં સુધારો કરી એન્જીનીયરીંગ/ફાર્મશી/બીઆરએસ/બીસીએ/એમસીએ/બીબીએની લાયકાત ધરાવતા ઉમેદવારોને પણ વિદ્યાસહાયકની નિમણૂક માટે લાયક ગણવામાં આવ્યા છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યમાં સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનસહાયકની નિમણૂક કરવાનું ચાલુ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ૯૬૦૦થી પણ વધુ જ્ઞાનસહાયક શિક્ષકોની નિમણૂક આપવાનું કાર્ય પૂર્ણ કરેલ છે અને બાકીની જગ્યાઓ ભરવાનું બીજા તબક્કાનું કાર્ય પ્રગતિમાં છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યમાં સરકારી શાળાના મધ્યમવર્ગના હોશિયાર વિદ્યાર્થીઓને વધુ અભ્યાસનું પ્રોત્સાહન મળી રહે તે હેતુથી મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪થી ચાલુ કરેલ છે. જે અંતર્ગત સરકારી તેમજ અનુદાનિત બિનસરકારી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ધોરણ–૬ થી ૮ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂા.૫ હજાર, ધોરણ–૯ થી ૧૦નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂપિયા ૬ હજાર અને ધોરણ–૧૧ થી ૧૨નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂા.૭ હજારની સ્કોલરશીપ ચૂકવવામાં આવનાર છે તથા જો વિદ્યાર્થી ખાનગી શાળામાં પ્રવેશ મેળવે તો ધોરણ–૬ થી ૮ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂા.૨૦ હજાર, ધોરણ–૯ થી ૧૦ના અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂા.૨૨ હજાર અને ધોરણ–૧૧ થી ૧૨ નો અભ્યાસ કરવા માટે વાર્ષિક રૂા.૨૫ હજારની સ્કોલરશીપ ચૂકવવામાં આવનાર છે.

માન.અધ્યક્ષશ્રી,

ગત વર્ષે  રાજ્ય સરકાર દ્વારા સામાજિક ભાગીદારીથી રાજ્યમાં રક્ષાશક્તિ સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. જે પૈકી ૫ રક્ષાશક્તિ સ્કૂલ ચાલુ શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્યની સરકારી તેમજ અનુદાનિત ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ માટે રાજ્ય સ્તરની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ દ્વારા મેરિટ આધારે ધોરણ–૬ માં પ્રવેશ આપવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓ પાસથે ફી લેવામાં આવતી નથી. એટલે કે નિઃશૂલ્ક પ્રવેશ આપવામાં આવે છે. જેના દ્વારા શિસ્તબધ્ધ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત યુવા પેઢીનું નિર્માણ થશે. જે ભારત દેશને વિકાસના ઉચ્ચ શિખરે લઈ જવા માટે સમર્પિત હશે.

માન.અધ્યક્ષશ્રી,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર શૈક્ષણિક ગુણવત્તા સુધારવા પાયની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાનના મીશન **NIPUN BHARAT (National Initiative for Proficiency in Reading With Under Standing and Numeracy )** અંતર્ગત બાલવાટિકા અને ધોરણ–૧,૨ ના વિદ્યાર્થીઓ માટે પ્રવૃત્તિ આધારિત શિક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જે માટે રાજ્ય સરકાર દ્બારા વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી, ગણિત અને ગુજરાતી ભાષા માટે સ્વઅધ્યન પોથી તેમજ સ્વતંત્ર સર્જન અને મહાવરો વધે તે માટે ચિત્રપોથી અને લેખન બુક પણ આપવામાં આવે છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્યની ૨૦૦૦ જેટલી સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગણિત અને વિજ્ઞાન વિષયના પ્રયોગિક કાર્ય માટે **STEM** લેબ શરૂ કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકાર દ્બારા શાળાઓમાં શૈક્ષણિક અને સહ અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ દ્બારા શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા માટે શાળા સિધ્ધિ, યુથ અને ઈકો કલબ, ગણિત વિજ્ઞાન કલબ, એક ભારત શ્રૈષ્ઠ ભારત, એકમ કસોટી, ટેલેન્ટ સર્ચ, દ્વીનીંગ ઓફ સ્કૂલ, ફીટ ઈન્ડિયા, સ્વચ્છ ભારત અભિયાન, શાળા સલામતી અને સુરક્ષા જેવા કાર્યક્રમોની અમલવારી કરવામાં આવી છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થી, વાલી અને સમાજમાં વિવિધ કલાઓનું મહત્વ વધે અને તેને ઉત્તેજન મળે તે માટે એનસીઈઆરટીની ગાઈડલાઈન મુજબ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ જેવી કે (૧) કંઠ્ય સંગીત (૨) વાદ્ય સંગીત (૩) નૃત્ય (૪) વિઝ્યુઅલ આર્ટ (૫) સ્થાનિક રમકડા (૬) સ્થાનિક રમતો અને (૭) એક પાત્રિય નાટ્ય અભિનયની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી કલાપ્રતિભાને ઓળખી તેને પ્રોત્સાહિત કરી સમાજમાં કલાનું મહત્વ વધારવાનો છે.

માન.અધ્યક્ષશ્રી,

રાજ્ય સરકાર દ્વારા મીશન સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત રાજ્યની ૫૩,૪૨૭ પ્રાથમિક શાળાઓમાં જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસનો પ્રારંભ કરવામાં આવ્યો છે અને ૪૩,૭૫૦ જેટલી શાળાઓમાં જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસ વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. રાજ્યની ૬૦૩૭ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબનો વિકાસ કરવામાં આવ્યો છે અને વધુ ૧૫ હજાર કોમ્પ્યુટર લેબ વિકસાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. તદઉપરાંત રાજ્યની ૩૦,૫૦૦ થી વધુ સરકારી પ્રાથમિક શાળાઓને સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઈન્ટરનેટ કનેક્ટીવિટીથી જોડવામાં આવી છે.

માન.અધ્યક્ષશ્રી,

આમ રાજ્ય સરકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓથી અને સકારાત્મક અભિગમથી રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે લોગ સહયોગ અને લોકભાગીદારીના કારણે નામાંકન વધારવા અને ડ્રોપઆઉટ રેસીયામાં ઘટાડો કરવા નોંધપાત્ર સફળતા મળેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

માન.રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.